# તાશ્કંદમાં રૂપાણીની લાલબહાદુર શાસ્ત્રીને પુષ્પાંજલિ

## ઉઝબેક બાળકોએ હિન્દીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો : આવનારી સદીઓ સુધી સ્વ. શાસ્ત્રીજીના અપ્રતિમ જીવનકાર્યોની અનૂભુતિ આ શાસ્ત્રી સ્કૂલ-મેમોરિયલ કરાવશે : વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાન પ્રવાસના તેમના ચોથા દિવસનો પ્રારંભ ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદની સ્વ. લાલબહાદૂર શાસ્ત્રી સ્કૂલની મૂલાકાતથી કર્યો હતો.




મુખ્યમંત્રીએ પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. લાલબહાદૂર શાસ્ત્રીના નામ સાથે જોડાયેલી આ શાળા પરિસરમાં શાસ્ત્રીજીની પ્રતિમા સમક્ષ પૂષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. તેમણે શાળામાં શાસ્ત્રી મેમોરિયલની પણ મૂલાકાત કરી હતી.

મુખ્યમંત્રીએ મેમોરિયલ મૂલાકાત બાદ વિઝીટર બૂકમાં પાઠવેલા સંદેશામાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. લાલબહાદૂર શાસ્ત્રીને હ્રદયપૂર્વક ભાવભીની અંજલિ આપતાં લખ્યું કે, આવનારી સદીઓ સુધી સ્વ. શાસ્ત્રીજીના અપ્રતિમ જીવન કાર્યોની અનૂભુતિ આપણને આ સ્કૂલ - મેમોરિયલ કરાવતા રહેશે. વિજયભાઈ રૂપાણીએ વિઝીટર બૂકમાં હિન્દી ભાષામાં જે સંદેશો પાઠવેલો છે તે આ મુજબ છે.

''મહાન સ્વાતંત્ર્ય સેનાની અને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારતરત્નથી સન્માનિત



આપણા પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય લાલબહાદૂર શાસ્ત્રીજીને સમગ્ર દેશવાસીઓ તરફથી નમન કરૂં છું. તેઓ સ્વભાવે વિનમ્ર, કર્મઠ, ઈમાનદાર, સ્વાભિમાની અને સાદગી પસંદ વ્યકિત હતા. મોટા પદ પર રહેવા છતાં તેઓ હંમેશા જમીનથી જોડાયેલા રહ્યા.

સ્વ. શાસ્ત્રીજીએ પ્રધાનમંત્રી તરીકે ભારતના સામાજિક અને આર્થિક વિકાસને આગળ ધપાવવામાં અતૂલનીય યોગદાન આપેલું છે. શાસ્ત્રીજીનો ''જય જવાન-જય કિસાન''નો નારો આજે પણ યુવાશકિતના મન-ચિત્તમાં જોશ અને ઉમંગની નવી લહેર ઊભી કરી દે છે.

સ્વ. લાલબહાદૂર શાસ્ત્રીજીએ કવેળાએ આપણી વચ્ચેથી વિદાય લીધી, પરંતુ દેશ માટે એમના ત્યાગ અને સમર્પણે ભારતના હરેક ઘરમાં તેમને જીવીત રાખ્યા છે. આ જ કારણથી શાસ્ત્રીજી પ્રત્યેક ભારતીયના દિલમાં વસી ગયા છે.

એમના કાર્યો, વિચારો અને આદર્શોમાંથી આજે પણ ભારતીય પેઢીઓ પ્રેરણા મેળવે છે. ભારતીયોનો તાશ્કંદની ભૂમિ સાથે એક અલગ અને ગાઢ સંબંધ છે. આ જ ધરતી પર આપણા પૂજનીય શાસ્ત્રીજીનું દુઃખદ નિધન થયું હતું.

આવનારી સદીઓ સુધી સ્વ. શાસ્ત્રીજીના અપ્રતિમ જીવન કાર્યોની અનૂભુતિ આ સ્કૂલ આપણને કરાવતી રહેશે.

એક ભારતીય તરીકે મારી આ યાત્રા બહુ જ વિશેષ છે અને હું સૌ ભારતીયો વતી મહાન નેતા સ્વ. લાલબહાદૂર શાસ્ત્રીજીને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરૂં છું''

મુખ્યમંત્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળના સભ્યો સમક્ષ સ્કૂલના બાળકોએ હિન્દી ભાષામાં સાંસ્કૃતિક કૃતિ પ્રસ્તુત કરી હતી.

વિજયભાઈ પણ આ બાળકોને પ્રત્યક્ષ મળ્યા હતા અને સંવાદ કર્યો હતો.

# શહેરમાં લાયસન્સ વિના ધમધમતી ફટાકડાની હાટડીઓ સામે તંત્ર લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૨

દિવાળીના દિવસોને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે બજારમાં ફટાકડાની હાટડીઓ નજરે પડી રહી છે. શહેરના સેકટર-૭, ૨૧ અને સે-૨૪, મીનાબજાર સહિત સરગાસણ, કુડાસણ અને રાયસણ વિસ્તારમાં નાગરીકોની ભીડ હોય તેવા પણ ચુક થાય તો પણ નાગરીકો મુસીબતમાં મુકાઈ શકે છે. જેમાં સેકટર-૨૧, સેકટર-૭ અને સે-૨૪ સહિત મીના બજાર, કુડાસણ, સરગાસણ, રાયસણ, સહિતના મોટીસંખ્યામાં નાગરીકો હોય તેવા ભરચક વિસ્તારમાં લાયસન્સ વિના ફટાકડાનો વેપાર કરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.



વિસ્તારમાં લાયસન્સ વિના ફટાકડાનો ગેરકાયેદસર રીતે વેપાર કરતા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવા ચીફ ફાયર ઓફિસર મહેશ મોડે નાયબ પોલીસ અધિક્ષકને પત્ર લખીને આ અંગે ધ્યાન દોર્યુ છે. તેમણે પત્રમાં લખ્યું છે કે સુરત ખાતે આગની ઘટનાથી ઘણા નાગરીકોના મૃત્યું થયા હતા. જેથી ફાયરની સલામતીની બાબત ધ્યાને લેતાગાંધીનગર શહેર તાલુકમાં દિવાળીને લઈને ઘણા નાગરીકો લાયસન્સ લીધા વિના વેપાર કરતા હોય છે.

ભરચક વિસ્તારમાં ખુલ્લામાં ફટાકડાનો મોટો જથ્થો ખડકીને વેપાર કરવામાં આવે છે, ત્યારે સામાન્ય કારણે કે આ પ્રકારના સ્થાનો પર આગજનીનો બનાવ બને તો અનેક મુશ્કેલીઓ સર્જાય તેમ છે.

જેથી પોલીસ સ્ટેશન હસ્તકના એરીયામાં લાયસન્સ વિના ધમધોકાર ફટાકડાનો વેપાર કરતા હોય તેવા નાગરીકો સામે કાર્યવાહી કરવા માટે ચીફ ફાયર ઓફિસર મહેશ મોડે પોલીસ તંત્રને અપીલ કરી છે. જયારે ઉલ્લેખનીય છે કે સરકારી તંત્ર દ્વારા વેપારીઓને ફટાકડાનો વેપાર કરવા માટે તંત્ર દ્વારા પરમીશન આપવામાં આવે છે. જેમાં સેકટર-૨૧ અને સેકટર-૧૧ રામકથા મેદાનનો સમાવેશ કરાયો છે.



ચોમાસા પછી દર્દીઓથી ઉભરાઈ રહેલી સિવિલ હોસ્પિટલમાં પણ સાફસફાઈ શરુ કરવામાં આવી છે. કર્મચારીઓ છત પર બાજેલા જાળા અને પંખા સાફ કરી રહ્યા છે.

## એસજી હાઈવે પર કારચાલકે ટક્કર મારી સ્કુટી અને બાઈક ચાલક ફંગોળ્યા

અમદાવાદ, તા. ૨૨

સરખેજ-ગાંધીનગર હાઈવે પર ચીમનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ પાસે મોડી રાતે બેકાબુ બનેલા કારચાલકે એક સ્કુટી અને બાઈકચાલકને ટક્કર મારી હતી. બહુ ગંભીર અકસ્માતમાં ત્રણ લોકોને ઈજા થતાં સારવાર માટે તેઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે રોડ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈકના ટુકડા થઈ ગયા હતા. જ્યારે કારનો પણ કાચ અને ડ્રાઈવર સાઈડનો ભાગ તૂટી ગયો હતો. એસજી ૨ ટ્રાફિક પોલીસે અકસ્માત અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, એસજી હાઈવે પર ચીમનભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ પાસે બલેનો કારના ચાલકે પોતાનું વાહન પૂરપાટઝડપે અને ગફલતભરી રીતે હંકારી એક સ્કુટ અને બાઈકચાલકને અડફેટે લીધા હતા અને તેમને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે સ્કુટીસવાર અને બાઈકચાલક ફંગોળાઈને જમીન પર પટકાયા હતા. આ ગંભીર અકસ્માતમાં ત્રણ જણાંને ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા અને થોડીવાર માટે ટ્રાફિક પણ ચક્કાજામ થઈ ગયો હતો. બનાવની જાણ થતાં એસજી ૨ ટ્રાફિક પોલીસ તાત્કાલિક ત્યાં દોડી આવી હતી અને સમગ્ર મામલે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



તમારા કૌી સંબંધી નવરા હોય તેવું લાગે છે સાહેબ, આ લો તમને હાથેથી લખેલું દિવાળી કાર્ડ મોકલ્યું છે...!!

## ગોકુલપુરા પાસે મહિલાને ગાયે શીંગડુ મારતા ઈજા

ગાંધીનગર શહેરના માર્ગોઅને સેકટરોમાં ફરતી કરી દેવાયેલા રખડતા ઢોરનો ત્રાસ ખુબ વધી ગયો છે. શહેરના માર્ગો પર બેસી રહેતા ઢોરને કારણે અનેકવાર નાના મોટા અકસ્માત સર્જાય છે. જેમાં નાગરીકને નાનીમોટી ઈજાઓ પણ પહોંચવાના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે માર્ગ વચાળે અડીંગો જમાવીને બેસી રહેલા રખડતા ઢોરનો ભોગ ગઈકાલે શહેરના એક મહિલા સરકારી વકીલ બન્યા છે.ગાંધીનગર કોર્ટમાં સરકારી વકીલ છાયાબેન ત્રિવેદી સોમવારના સાંજના સુમારે પોાતના પુત્ર અને સગા સાથે ગોકુલપુરા પાસેથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે માર્ગ પર અડીંગો જમાવીને બેસી રહેલા ઢોરે તેઓને શીંગડુ મારી દીધુ હતું.

# બિનઅનામત આયોગ દ્વારા ગાંધીનગરની વિવિધ સામાજિક વડા સંસ્થાઓ સાથે બેઠક

ગાંધીનગર, તા. ૨૨

બિનઅનામત વર્ગોનાં આયોગ દ્વારા આજે ગાંધીનગર જિલ્લાની મુલાકાત લઈ વિવિધ સામાજિક સંસ્થાઓના સભ્યો સાથે કલેકટર કચેરીનાં સભાખંડમાં બેઠક યોજવામાં આવી હતી.

બિનઅનામત વર્ગોનાં આયોગનાં અધ્યક્ષશ્રી હંસરાજ ગજેરાએ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું કે બિનઅનામત વર્ગોની સમસ્યાઓ, પીડાઓના નિવારણ માટે રાજય સરકારે ગુજરાત રાજય બિનઅનામત વર્ગોનાં આયોગની રચના કરી છે. સામાજિક સમરસતાના અભિગમને સાકાર કરવા બિનઅનામત વર્ગોનાં ઉત્કર્ષ માટે આયોગ કામ કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે આયોગની મુખ્ય કામગીરી બિનઅનામત વર્ગોનાં કલ્યાણની સમસ્યાઓનો અભ્યાસ કરી તેનો સર્વે કરી તેના ઉકેલ માટે સરકારને જરૂરી ભલામણો કરવાની છે. ભારત સરકાર તેમ જ રાજય સરકારનાં વિવિધ વિભાગોની યોજનાઓની સમાજમાં જાગૃતિ કેળવાય તથા યોજનાઓનો બિનઅનામત વર્ગોનાં લાભાર્થી મહત્તમ લાભ મેળવે તેવા પ્રયાસો રહયાં છે.

બેઠકમાં આયોગનાં સભ્ય સચિવશ્રી દિનેશભાઈ કાપડીયાએ બિનઅનામત આયોગની વિવિધ યોજનાઓનું પ્રેઝન્ટેશન રજુ કરી યોજનાઓની જાણકારી આપી હતી. જેમાં મુખ્યત્વે ભોજન બીલ સહાય, કોચીંગ સહાય, સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય, સ્નાતક, તબીબી, વકીલ, ટેકનીકલ સ્નાતક માટે લોન અને વ્યાજ સહાય, શૈક્ષણિક અભ્યાસ લોન, વિદેશ અભ્યાસ લોન, સ્વરોજગારી માટે લોન, કોમર્શીયલ પાયલોટની તાલીમ તેમ જ વિવિધ ખાતાની શૈક્ષણિક, પેન્શન, આરોગ્ય, સમાજ સુરક્ષા, રોજગાર અને કૃષિ વિષયક યોજનાઓનો લાભ કેવી રીતે મેળવવો, તેની પાત્રતા અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. બેઠકમાં ઉપસ્થિત વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ આયોગની યોજનાઓનો વધારેમાં વધારે પ્રચાર – પ્રસાર થાય અને છેવાડાના લાભાર્થી સુધી લાભ પહોંચે તે રીતે સુદ્રઢ અમલ કરવા સુચનો કર્યા હતાં. બેઠકની શરૂઆતમાં જિલ્લાના અધિક કલેકટરશ્રી એચ.એમ. જાડેજાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને અંતમાં આભારવિધિ જિલ્લાનાં વિકસતી જાતિ કલ્યાણનાં નાયબ નિયામકશ્રીએ કરી હતી. આ પ્રસંગે આયોગનાં સભ્યો સર્વશ્રી નરેન્દ્રભાઈ શાહ, હસમુખભાઈ ભગદેવ, ગાંધીનગર વસાહત મંડળનાં પ્રમુખશ્રી અરૂણભાઈ બુચ, નિવૃત આઈએએસ અધિકારીશ્રી વરિયા, શ્રી ચેતના બુચ સહિત ગાંધીનગર જિલ્લાના વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયાં હતાં.



ઘ-૦ થી ઘ-૩ સુધીના માર્ગની આસપાસના વૃક્ષો પર કલર લગાવવાનું કામ છેલ્લા કેટલાય દિવસોથી થઈ રહ્યું છે. ચોમાસા પછી વૃક્ષોને રંગવાનુ કામ થઈ રહ્યું છે.

# દિવાળીના તહેવારો દરમ્યાન ખાસ કીસ્સા તરીકે એકસ્ટ્રા બસોનું પ્રવર્તમાન ભાડા મુજબ સંચાલન

ગાંધીનગર, તા. ૨૨

નિગમ દ્વારા ગત વર્ષે દિવાળીના તહેવારો દરમ્યાન સુરત ખાતેથી ૯૦૦ બસોનું આયોજન કરી ૧૦૪૮ ટ્રીપો થકી એકસ્ટ્રા સંચાલન હાથ ધરવામાં આવેલ. તે મુજબ ચાલુ વર્ષે પણ મુસાફરોને પોતાના વતનમાં જવા માટે સુરત ખાતેથી ૧૨૦૦ બસો થકી ૧૫૦૦ થી વધુ ટ્રીપોનું સામાન્ય સંચાલન ઉપરાંત વધારાનું તહેવારલક્ષી એકસ્ટ્રા સંચાલન હાથ ધરવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે સુરતથી સૌરાષ્ટ્ર, પંચમહાલ અને ઉત્તર ગુજરાતના વિવિધ સ્થળો માટે




તાઃ-૨૨/૧૦/૧૯ થી તાઃ-૨૭/૧૦/૧૯ ની મધ્યરાત્રીના ૨૪:૦૦ કલાક સુધી એકસ્ટ્રા બસોનું સંચાલન બસ સ્ટેશન સિવાય અન્ય જગ્યા લંબે હનુમાન રોડ વરાછા, સુરતથી કરવામાં આવનાર છે.

વધુમાં સુરત, ભરૂચ અને વલસાડ ખાતેથી મહારાષ્ટ્ર રાજયના લાંબા અંતરના વિવિધ રૂટોનું સંચાલન તથા અમદાવાદ થી રાજસ્થાન રાજયના માઉન્ટ આબુ અને સુન્ધામાતા જેવા રૂટો ઉપર સામાન્ય સંચાલન ઉપરાંત વધારાનું તહેવારલક્ષી સંચાલન હાથ ધરવામાં આવનાર છે.

સાથે સાથે નિગમના અન્ય વિભાગો દ્વારા પણ દાહોદ, ગોધરા, ઝાલોદ, અમદાવાદ, રાજકોટ, સુરત, ભુજ અને વડોદરા જેવા શહેરો માટે મુસાફરોના ધસારાને ધ્યાને લઈ વિવિધ રૂટો માટે ૩૦૦ વાહનો થકી એકસ્ટ્રા સંચાલન કરવામાં આવનાર છે. જેનો સીધી બસ સેવાનો લાભ મુસાફરો મેળવી શકશે.

તમામ એકસ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસો માટે કાઉન્ટર ઉપરાંત .ãજ્િ.હ ઉપરથી મુસાફરો ઓનલાઈન બુકીંગ પણ કરી શકશે.

# મીઠાઈ-ફરસાણનો વેપાર કરતા વેપારીઓને તકેદારી રાખવા સૂચના

## તમામ વેપારીઓએ તેઓ દ્વારા વેચાતી ખાદ્ય ચીજવસ્તુઓ કયા કુકીંગ માધ્યમથી બનાવી છે એ નોટીસ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં નાગરિકોને દિવાળીના તહેવારો દરમિયાન શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મીઠાઈ અને ફરસાણ મળી રહે એ માટે રાજય સરકારે મીઠાઈ અને ફરસાણના વેપારીઓને તકેદારી રાખવા માટે સૂચનાઓ આપી છે.

રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર શ્રી એચ.જી.કોશિયા દ્વારા જણાવ્યાનુસાર મીઠાઈ તથા ફરસાણના વેપારીઓએ તેઓ દ્વારા વેચવામાં આવતી ખાદ્યચીજ વસ્તુઓ કયા કુકીંગ માધ્યમમાં બનાવવામાં આવી છે જેવા કે ઘી, ખાદ્યતેલનો પ્રકાર વનસ્પતિ અથવા અન્ય ફેટની જાણકારી નાગરિકો જોઈ શકે તે રીતે દુકાનના નોટીસ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે.

શ્રી કોશિયાએ ઉમેર્યું કે, દિવાળીના તહેવારો દરમિયાન મીઠાઈ, ફરસાણ, ચોકલેટ, દુધ, ઘી, માવો વગેરેની માંગ ખૂબ મોટા પ્રમાણમાં વધતી હોવાના કારણે ખાદ્યચીજવસ્તુઓનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ કરતા તમામ વેપારીઓએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડડર્સ એકટ-૨૦૦૬ તથા તેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

તેમણે ઉમેર્યું કે, વેપારીઓ દ્વારા વેચાણ કરાતી ખાસ કરીને દુધની બનાવટો માટે પેક તથા લુઝમાં મીઠાઈમાં બેસ્ટ બીફોર/યુઝડ બાય ડેટ અવશ્ય લખવાની રહેશે. તમામ વેપારીઓએ સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિમાં જ ખાદ્યચીજવસ્તુ બનાવવાની, વેચાણ કરવાની તેમજ સંગ્રહ કરવાની રહેશે. કોઈપણ જાતના અમાન્ય કલર/સુગંધીત દ્રવ્યો કે એડીટીવ્સ વાપરવાના રહેશે નહીં. ખાદ્યતેલનો વારંવાર તળવા માટે ઉપયોગ કરવાનો રહેશે નહીં તમામ ખાદ્યચીજવસ્તુઓના પેકીંગ ઉપર યોગ્ય ટેબલ તથા શેલ્ફ લાઈફ અવશ્ય લખવાની રહેશે. જે મીઠાઈ કે ફરસાણનું લુઝ અવસ્થામાં વેચાણ કરવામાં આવે છે તેના કન્ટેઈનર કે ટ્રે ઉપર બેસ્ટ બિફોર અથવા યુઝ બાય ડેટ અવશ્ય લખવાના રહેશે તેમજ તે મીઠાઈ કે ફરસાણ જે ખાદ્યતેલ/ઘી કે વનસ્પતિમાંથી બનાવવામાં આવ્યું છે તેની વિગત અવશ્ય જાહેર કરવાની રહેશે. ડેરી આધારિત ઉત્પાદનોના સ્ત્રોતનો રેકર્ડ અવશ્ય નિભાવવાનો રહેશે. એફ.એસ.એસ.એ.આઈ.નું લાયસન્સ/રજીસ્ટ્રેશન નાગરિકો જોઈ શકે તે રીતે લગાવવાનું રહેશે. તેમજ હંગામી ધોરણે માંડવા/સામિયાણા બાંધીને વેચાણ કરતા વેપારીઓએ રજીસ્ટ્રેશન અવશ્ય કરવાનું રહેશે. આ અંગેની વિગતવાર ગાઈડ લાઈન એફ. એસ. એસ. એ. આઈ.ની વેબસાઈટ **www. fssai. gov.in** પર ઉપલબ્ધ છે એમ, વધુમાં જણાવાયું છે.

## જાહેર નોટીસ

અમોશ્રી આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાહેર જનતાને જણાવીએ છીએ કે, હું પોતે પ્રવિણચંદ્ર કાન્તિલાલ પરમાર ઉ.વ. આ. ૫૫, રહે. માણેકલાલ માસ્તરની ચાલી, મુ.પો.તા. તલોદ, જી. સાબરકાંઠા મારા પિતાશ્રી કાન્તિલાલ બબલદાસ પરમારની તા. ૧૬/૯/૧૯૭૯ના રોજ મરણની નોંધણી કરવા સારૂ પ્રાંતિજ મે. નાયબ કલેક્ટરશ્રીની કચેરીમાં નં. એ.ડી.એમ. / મરણ / કેસ નં. ૬૦/૨૦૧૯થી અરજી દાખલ કરી છે. આ મરણ નોંધણી સામે કોઈપણ ઈસમને વાંધો કે વિરોધ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૩૦માં નાયબ કલેક્ટરશ્રી, પ્રાંતિજનાઓ સમક્ષ પુરાવા સહ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કોઈનો વાંધો નથી એમ સમજ આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

મુ. તલોદ

**હું પોતે,**
**પ્રવિણચંદ્ર કાન્તિલાલ પરમાર**
**રહે. માણેકલાલ માસ્તરની ચાલી, મુ.પો.તા. તલોદ,**
**જી. સાબરકાંઠા, ગુજરાત.**
**મો. ૭૬૯૮૩૧૫૮૧૩**